જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૮૪૦૧૦ ૧૮૬૫૬

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । શુક્રવાર । તા. ૧૬-૧૧-૨૦૧૮ । વર્ષ : ૧૫ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

છાતી પર કૂદકા મારી પરિવારના મોભીની હત્યા

પુત્રવધુની કબુલાત : સસરો ઘરમાંથી કાઢી મુકશે તેવા ડરથી હત્યાનું કાવતરૂ ઘડ્યું

કાનજી કુંભારની હત્યા કરવા અંધશ્રદ્ધાના બહાના હેઠળ પુત્રવધુ નિશિતાએ પ્લાન ઘડ્યો હતો

સુરત

સુરતમાં અંધશ્રદ્ધાના નામે આરેધી પરિવારના સભ્યો દ્વારા છાતી ઉપર કૂદકા મારીને મોતને ઘાટ ઉતાર્યાની ઘટનામાં ચોંકાવનારો ખુલાસો થયો છે. ભલભલાને પરસેવો છૂટીજાય એવો આ ખુલાસો થયો છે. પરિવારના મોભી એવા ૫૧ વર્ષીય કાનજી કુંભારની હત્યા પાછળ અંધશ્રદ્ધા નહી પરંતુ તેની જ પુત્રવધુ નિશિતાનો માસ્ટર પ્લાન હતો. પોતાના લગ્ન જીવનમાં અડચણ રૂપ થનારા સસરાને રસ્તા વચ્ચેથી હટાવવા માટે નિશિતાના મગજમાં પહેલાથી જ વિચારો ચાલતા હતા. કારણ કે નિશિતા બીજી જ્ઞાતિની હતી તેમના પરિવારને ગેરમાર્ગે દોરીને કાનજી કંભારના મોટા દીકરા પ્રકાશ સાથે એક વરસ પહેલા નિશિતાના લગ્ન કરાવવામાં આવ્યા હતા. થોડા સમયબાદ સસરાને નિશિતા બીજી જ્ઞાતિની હોવાનું માલુમ પડતા. આ વાતનો કાનજી કુંભારે વાંધો ઉઠાવ્યો હતો. અને અનેક વખત મોટા દીકરાને જૂદા રહેવા જવા માટે કહ્યું હતું. આમ નિશિતાના મનમાં પોતાના



પોલીસની તલસ્પર્શી તપાસ : હત્યામાં આખા પરિવારની સંડોવણી ઉઘાડી પડી : માતા હંસા, ત્રણ દિકરા, એક દિકરી અને પુત્રવધુ નિશિતાની પોલીસે ધરપકડ કરી

લગ્ન જીવવ તૂટવાનો સતત ડર રહેતો હતો.

પોતાનો પતિ પ્રકાશ સસરાના કહેવાથી તેને છોડી દેશે ઓવા ભયના ઓસાયા હેઠર જીવતી નિશિતાના મગજમાં સસરાને હટાવવાના વિચારો આવતા હતા. જોકે, સસરા ભૂત-પ્રેત ભગાડવાનું કામ કરતા હતા. આ બધું નિશિતા જોતી હતી પરંતુ તેના મગજમાં સસરાને કેવી રીતે હટાવવા એ કંઇ સેટ થતું ન્હોતું. એક સમય એવો આવ્યો કે નિશિતાને પોતાના વિચારોને અમલમાં લાવવાનો મોકો મળી ગયો હતો. જે સસરા ભૂત-પ્રેત ભગાડવાનું કામ કરતા હતા એ એક દિવસ બીમાર પડ્યા અને આ તકનો લાભ લઈને નિશિતાએ પોતાનો મેલો મનસૂબો પુરો કરવા માટે આખા પરિવારને ગેરમાર્ગે દોર્યા હતા. નિશિતાએ બાપુજીના શરીરમાં ભૂત પ્રવેશ કરી ગયું હોવાનું કહીને પરિવારને વિશ્વાસમાં લઈને તાંત્રિક વિધિ કરવાનું નક્કી કર્યું હતું. આખરે નિશિતાએ ૧૦ મી તારીખે પરિવારના સભ્યો સાથે વાત કરીને મેલી વિદ્યા કરીને ભૂત કાઢવાનું નક્કી કર્યું. રાત્રે ૧૨ વાગે કાનજીની પૂજા કરી. નિશિતાએ સિંદુર મિક્સ કરેલું પાણી પીવડાવ્યા બાદ તમામ વારા ફરતી સતત પ કલાક સુધી કાનજીની છાતી પર કૂદકા મારીને હત્યા કરી નાંખી હતી. નિશિતાએ પરિવારને એટલી હદ સુધી ગેરમાર્ગે દોર્યા કે જીની હદ થઈ ગઇ.

નિશિતાએ કહ્યું કે તેમના પર બેસી રહેવાથી ફરીથી જીવતા થઈ જશે. ત્યાર બાદ પરિવારના તમામ સભ્યો કાનજીની લાશ પર સતત ૧૨ કલાક સુધી બેસી રહ્યા હતા. આ દરમિયાન તેઓએ પાણી પણ પીધું ન હતું. ૧૧ મી તારીખે સાંજે પાંચ વાગ્યાની આસપાસ નિશિતાએ સૌને એવું કહ્યું કે હવે જો કાનજી નહીં જાગ્યા તો તેમાંથી ભૂત નિકળીને આપના શરીરમાં ઘુસી જશે. ત્યાર બાદ તેઓ તમામ ઘરને તાળું મારીને ભાગી ગયા. પોલીસે તમામ આરોપી પત્ની હંસા, પુત્રો પ્રકાશ,દિનેશ અને દીકરી હેતલ તથા પુત્રવધૂ નિશિતા અને સૌથી નાનો ૧૭ વર્ષના દીકરાની ધરપકડ કરી છે. કતારગામ મેઇનરોડ પર આવેલ પારસ સોસાયટીમાં વિમલનાથ એપાર્ટમેન્ટ ફલેટ નં. ૨૦૨ ખાતે રહેતાં કાનજી ભીખા કુંભાર અને તેમનો પુત્રો પ્રકાશ, દિનેશ અને સંજય હિરાના કારખાનામાં રત્નકલાકાર તરીકે કામ કરે છે. દરમિયાન દિવાળી પછી તા. ૧૦ નવેમ્બરના રોજ કુંભાર પરિવારના સભ્યો બનાસકાંઠાના લાખણી તાલુકાના જેસરા ગામે ગયા હતા. પરંતુ કાનજી કુંભાર વતનમાં ગયા ન હતા. બીજીતરફ પરિવારજનો પરત સુરત આવ્યા હતા ત્યારે બંધ ફલેટમાં પરિવારના મોભી એવા કાનજી ફલેટમાં મૃત હાલતમાં આવ્યા હતા. જે અંગે કતારગામ પોલીસને પરિવારજનોએ જાણ કરી હતી.

સુરત સાયબર સેલે ગુનો ઉકેલી નાંખ્યો

બેંક એકાઉન્ટ હેક કરી ૧.૪૨ લાખ ટ્રાન્સફર કરી લેનાર વિદ્યાર્થી પકડાયો

હેકર સ્પોન્સરશીપની ઓફર આપી યુઝર્સનો પાસવર્ડ જાણી લેતો હતો

સુરત

અલગ-અલગ રાજ્યોના જી-મેલ યુઝર્સ તથા યુ ટ્યુબ ચેનલ યુઝર્સના એકાઉન્ટ હેક કરીને તેઓને આર્થિક નુકસાન પહોંચાડનાર વડોદરાના વિદ્યાર્થીની સુરત સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

સુરત સાયબર ક્રાઈમ પોલીસ મથકના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ અઠવાલાઈન્સ પોલીસ મથકમાં આઈટી એક્ટ કલમ ૬૬ (સી), ૬૬ (ડી) મુજબનો ગુનો અજાણ્યા વયક્તિ સામે દાખલ થયો હતો. ફરિયાદી અબરાર સાબીર શેખ નાઓનું ગુગલ આઈડી હેક કરવામાં આવેલ અને તેઓની યુ ટ્યુબ ચેનલ અને પ્લે.સ્ટોરનું જે ઓનલાઈન વર્ક ચાલતું હતું. તે વર્કનાં નાણાં બેંક એકાઉન્ટમાં જમા થતા બંધ થયા હતા. અબરાર શેખને આર્થિક નુકસાન થતું હોવાની ફરિયાદ નોંધાઈ હતી. સોશિયલ મીડિયા સંબંધની ફરિયાદ ટેક્નિકલ સર્વેલન્સના આધારે શોધી કાઢવા માટે પોલીસ કમિશનર તથા ડીસીબી પી.આઈ.ની સૂચનાથી સાઈબર કામની ટીમે કામગીરી હાથ ધરી હતી. પીએસઆઈ જે.બી. આહિર, એએસઆઈ પૃથ્વીરાજસિંહ તખ્તસિંહ અને કોન્સ્ટેબલ વનરાજ કાળુભાની ટીમે તપાસના અંતે વડોદરાથી ભૌદિપગીરી દિલીપગીરી ગોસ્વામી ઉ.વ.૨૦ ધંધો અભ્યાસ રહે. ડી-૭૯ ગુણાતીતધામ સોસાયટી, અટલાદરા વડોદરાની અટકાયત કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં આરોપી ભૌદિપગીરીએ કબુલાત કરી હતી કે તેને અબરાર શેખનું ગુગલ એકાઉન્ટ હેક કરી યુ ટ્યુબ ચેનલના ૧,૪૨,૪૧૫ રૂપિયા પોતાના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. આરોપીએ ફરિયાદીનો મોબાઈલ નંબર યુ ટ્યુબ ચેનલ ઉપરથી મેળવી તે નંબર ઉપર વોટ્સએપમાં સ્પોન્સરશીપની ઓફર આપી અબરાર શેખનું યુ ટ્યુબ ચેનલ ફેસિંગ કરી જી-મેલ યુઝરનેમ તથા પાસવર્ડ મેળવી તેના આધારે બેંક એકાઉન્ટ નંબર કાઢી નાંખી તેની જગ્યાએ પોતાનો બેંક એકાઉન્ટ નંબર લખી લીધેલ હતો. ગુગલ એડસેન્સ એકાઉન્ટમાંથી જે નાણાં અબરાર શેખના એકાઉન્ટમાં જમા થતા હતા. તેના બદલે આરોપી ભૌદિપગીરીના એકાઉન્ટમાં જમા થતા હતા. ૨૪-૭-૨૦૧૮ના રોજ ૯૩૯૫૧ અને ૨૭-૮-૨૦૧૮ના રોજ ૪૮૪૬૩ મળી કુલ ૧,૪૨,૪૧૪ રૂપિયાનું આર્થિક નુકસાન પહોંચાડ્યું હતું. ભૌદિપગીરીએ અન્ય રાજ્યના અલગ અલગ લોકોના એકાઉન્ટ હેક કર્યા હોવાની કબુલાત કરી છે.

એલસીબીમાં ફરજ બજાવતા પોલીસ જમાદારની અચાનક બદલીથી હડકંપ

બારડોલી

એક તરફ સમગ્ર સુરત રેન્જમાં વિદેશી દારૂના પીઠા પર સ્ટેટ મોનિટરિંગ સેલના દરોડા બાદ ફફડાટ ફેલાય ગયો છે. તેવી પરિસ્થિતીમાં સુરત જિલ્લા પોલીસના એક હેડ કોન્સ્ટેબલ કે જે છેલ્લા ઘણા સમયથી આર આર સેલ કે સ્ટેટ મોનિટરિંગ સેલ અને એલસીબી જેવી બ્રાન્ચમાં ફરજ બજાવતા રહ્યા હતા તેમની એલઆઈબી શાખામાંથી સીધી ઉમરપાડા ખાતે બદલી કરી દેવાતા પોલીસ બેડામાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

હાલમાં દમણ અને નવાપુરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો રેન્જમાં ઠલવાઇ રહ્યો છે અને સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ આ પીઠા પર દરોડા પાડવા મેદાનમાં ઉતરી છે. આવી પરિસ્થિતી વચ્ચે પોલીસ બેડાનું આંતરિક રાજકારણ પણ ગરમાઈ રહ્યું છે. સુરત જિલ્લા પોલીસમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ દેવર્ષી જયોર્જ જે ઘણા લાંબા સમયથી એલસીબી, આરઆર સેલ કે સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ કામ કરતાં રહ્યા છે. તેની થોડા સમય અગાઉ આરઆર સેલમાંથી રેન્જ આઈજીએ પરત મોકલતા એલઆઈબીમાં બદલી કરી દેવામાં આવી હતી. અને અચાનક તેની સુરત જિલ્લા પોલીસ વડાએ એલઆઈબી માંથી ઉમરપાડા પોલીસ સ્ટેશન ખાતે બદલી કરી દેતાં હાલ પોલીસ બેડામાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. પોલીસનું આંતરિક રાજકારણ પણ હાલ ચરમસીમાએ પહોંચ્યું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

જૈન સાધ્વી મહારાજને સ્વરક્ષણની તાલીમ અને મોબાઈલ અપાશે

સુરત

જૈન સાધ્વી મહારાજને સ્વરક્ષણની તાલીમ અપાશે. જૈન આચાર્યના માર્ગદર્શનમાં આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. જૈન સમાજ સાધ્વી મહારાજની સુરક્ષાને લઈને ચિંતિત છે. સાધ્વીઓને સ્વરક્ષાની નિર્દોષ અને માનસિક તાલીમ અપાશે. તેમજ તાત્કાલિક સુરક્ષા માટે આધુનિક ઉપકરણો પણ અપાશે. તથા મહત્વના જ નંબર હોય તેવા મોબાઈલ ફોન પણ આપવામાં આવશે.

ઉપાશ્રયોને પણ આધુનિક સાધનયુક્ત બનાવાશે. આ નિર્ણય લેવા પાછળ તાજેતરમાં બનેલ ઘટના જવાબદાર છે. જેમાં સુરતમાં સાધ્વી મહારાજનાં કપડા ખેંચવા માંડ્યો હતો. જેને લીધે સાધ્વી મહારાજ જાગી જતા બુમરાણ કરી મૂકી હતી. બીજી બાજુ અજાણ્યો યુવાન ભાગી છૂટયો હતો.

સાધ્વી મહારાજની છેડતીની ઘટનાને પગલે ચકચાર મચી જવા પામી હતી. જો કે, ગંભીર પ્રકારનાં આ બનાવમાં પોલીસે ફરિયાદ નહીં નોંધતા જૈન સમાજમાં આક્રોશ ફાટી નીકળ્યો હતો.

ગોપીપુરા વિસ્તારમાં ૨૫ જેટલા જૈન સાધ્વી મહારાજનાં ઉપાશ્રય આવ્યાં હતા. દરમિયાન બેસતા વર્ષની મોડી રાત્રીના ગોપીપુરામાં આગમ દેરાસર નજીક આવેલા ઉપાશ્રયમાં અત્યંત ગંભીર ઘટના બની હતી. રાત્રે બારેક વાગ્યાનાં અરસામાં એક અજાણ્યો યુવાન ઉપાશ્રયના બીજા માળે ઘૂસ્યો હતો. આ યુવાન ઉપાશ્રયમાં સૂતેલા સાધ્વી મહારાજનાં કપડા ખેંચવા માંડ્યો હતો. જેને લીધે સાધ્વી મહારાજ જાગી જતા બુમરાણ કરી મૂકી હતી. બીજી બાજુ અજાણ્યો યુવાન ભાગી છૂટયો હતો.

ઇનામી ડ્રોની લાલચ આપી બે ઠગોએ કરી ૧૫ લાખની છેતરપિંડી

સુરત

કતારગામમાં લલીતા ચોકડી ખાતે આવેલ એક કોમ્પ્લેક્સમાં કે. પટેલ એન્ડ એસોસિએટ તથા કે. માઈક્રો ફાઇનાન્સના નામે ઓફિસ શરૂ કરીને બે ઠગોએ લોકોને ઇનામી ડ્રોની લાલચ આપીને દર મહિને ૧૧૦૦ રૂપિયા ભરાવી ૪૦ મહિના પછી એકેય રૂપિયા ન આપીને દુકાન બંધ કરીને નાસી ગયા હતા. કુલ ૫૧ જણા પાસેથી ૧૫.૪૯ લાખ રૂપિયા લઈને ઠગો ફરાર થઈ ગયા છે. આ ચીટિંગનો ભોગ બનેલાઓની સંખ્યા વધી શકે છે.

કતારગામમાં લલીતા ચોકડી પાસે જમનાભા કોમ્પ્લેક્સમાં કે. પટેલ એન્ડ એસોસિએટ તથા કે. પટેલ માઈક્રો ફાઇનાન્સના નામે આરોપી કાંતીલાલ રણછોડ તાડા (રહે. પ્રમુખ દર્શન સોસાયટી, છાપરાભાઠા રોડ) અને ભરત જરીવાલા(રહે. સિલિકોન શોપર, સાઉથ ઝોન ઓફિસ પાસે, ઉધના)એ ઓફિસ શરૂ કરી હતી. આ બંને ઠગોએ લોકોને લાલચ આપતા હતા કે દર મહિને ૧૧૦૦ રૂપિયા ભરવાના. દર મહિને ઇનામી ડ્રો થશે. જેનો નંબર લાગશે તેને ૫૪,૦૦૦ રૂપિયા ચુકવાશે.

જો ઇનામ નહીં લાગે તો લોકોએ ભરેલા ૪૪,૦૦૦ રૂપિયાની સામે વ્યાજ સહિત ૫૫ હજાર રૂપિયા અપાશે. આવી લાલચ આપી તેઓએ કતારગામ ઉપરાંત અમરોલી, ઉધના અને વરાછામાં પણ ઓફિસ શરૂ કરી હતી. તેમાં ઘણા લોકોએ રૂપિયા જમા કરાવ્યા હતા. ફરિયાદી નિલેશ ભીખાલાલ શેઠ (રહે. પાશ્વરભવન એપાર્ટમેન્ટ, શાહપોર) એલઆઇસી એજન્ટ છે. તેઓએ ૨૦૧૫થી તેમના ઓળખીતા ૫૦ જણાના કુલ ૧૩.૪૯ લાખ રૂપિયા ઠગોની ઓફિસમાં જમા કરાવ્યા હતા. પોતે બે લાખ રૂપિયા ઉછીના આપ્યા હતા.

ઉછીના પૈસા આપવાની ના પાડતા કાચની બોટલ તોડીને મારી દીધી

સુરત, ગોડાદરા આસપાસ દાદાના મંદિર પ્રિયંકા પાર્ક ખાતે ઓમપ્રકાશ અચ્છેલાલ ગુપ્તા રહે છે. તેમની એક સોડાની લારી સહારા દરવાજા એસએમસી શોપિંગ સેન્ટરની બહાર આવેલી છે. સહારા દરવાજા પ્રેમગલી ખાતે રહેતાં જગદીશ ઉર્ફે જગો પટેલ ગત તા.૧૧મી નવેમ્બરના રોજ સોડાની લારી ચલાવતા ઓમપ્રકાશ ગુપ્તા પાસે ઉછીના નાણાં લેવા ગયો હતો. પરંતુ તેમણે ઉછીના નાણાં આપવાની ના પાડતા ઉશ્કેરાઈ જઈ સોડાની બોટલ તોડી નાંખી બોટલ તેના જમણાં હાથમાં મારી લોહી લુહાણ કરી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત સોડાની લારીવાળાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેણે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

દક્ષિણ ગુજરાતના તાપમાનમાં ૨ ડીગ્રીના ઘટાડા સાથે ઠંડી વધી

નવસારીમાં ૧૪, વલસાડમાં ૧૫ અને સુરતમાં ૨૦ ડીગ્રી તાપમાન

સુરત

સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગતરોજની સરખામણીએ આજે અધિકતમ તાપમાન અને લઘુત્તમ તાપમાનમાં ૨ ડીગ્રી સુધીનો ઘટાડો નોંધાયો છે. શહેરી વિસ્તારોમાં પણ રાત્રે અને મળસ્કે ફુલગુલાબી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ ગતરોજ શહેરનું અધિકતમ તાપમાન ૩૫ ડીગ્રી નોંધાયું હતું. જેમાં આજે નોંધપાત ઘટાડો થતા ૩૨.૭ ડીગ્રી નોંધાયું છે. ન્યુનતમ તાપમાન ૨૦.૨ ડીગ્રી અને હવામાં ભેજનું પ્રમાણ ૮૩ ટકા તેમજ હવાનું દબાણ ૧૦૧૪ મિલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી કલાકના ૩ કિલો મીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. પવનના લીધે ભેજની ટકાવારી વધવાની સાથે દિવસ દરમ્યાન અધિકતમ તાપમાન ઘટતા રાત્રે અને મળસ્કે ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે અધિકતમ તાપમાન ૩૩ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૪.૮ ડીગ્રી નોંધાયું છે. વલસાડ હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે અધિકતમ તાપમાન ૩૨ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૫.૬ ડીગ્રી નોંધાયું ચે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં રાત્રે અને મળસ્કે ઠંડીનો ચમકારો જામી રહ્યો હોવાથી આગામી દિવસોમાં ફુલગુલાબી ઠંડીનો અનુભવ વલસાડ અને નવસારી જિલ્લામાં થાય તેવી શક્યતા છે.

આજે મુખ્યમંત્રી દિલ્હીમાં વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ-૨૦૧૯ની વિશેષતાઓ અંગે રોડ-શો અને વેપાર-ઉદ્યોગ અગ્રણીઓ સાથે વન-ટુ-વન બેઠકો યોજશે

વિવિધ રાષ્ટ્રોના રાજદૂતો સાથે બેઠકો-વાયબ્રન્ટ-૨૦૧૯ કર્ટન રેઇઝરનો ઉપક્રમ

મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી આવતીકાલ શુક્રવાર તા. ૧૬ નવેમ્બર-૨૦૧૮એ નવી દિલ્હીની હોટલ તાજ પેલેસમાં સવારે ૯ થી ૧ દરમ્યાન ઉદ્યોગ-વેપાર જગતના વરિષ્ઠ સંચાલકો – અગ્રણીઓ સાથે વાયબ્રન્ટ સમિટ-૨૦૧૯ સંદર્ભે બેઠકો યોજશે. વિજયભાઇ રૂપાણી આગામી વાયબ્રન્ટ સમિટની વિશેષતાઓ સાથો સાથ ગુજરાતની વૈશ્વિક ફલક પર વિકસી રહેલી બેસ્ટ ઇન્વેસ્ટમેન્ટ ડેસ્ટીનેશનની પ્રતિભા સંદર્ભમાં આ ઉદ્યોગ-વેપાર અગ્રણીઓ સમક્ષ વિશદ વિચાર-વિમર્શ, રોડ-શૉ અને વન-ટુ-વન બેઠકમાં કરવાના છે. મુખ્યમંત્રી વિવિધ રાદ્રાષ્ટ્રોના નવી દિલ્હી સ્થિત રાજદૂતો-ડિપ્લોમેટ્સને પણ શુક્રવારે સાંજે મળશે અને વાયબ્રન્ટ ગ્લોબલ સમિટ-૨૦૧૯ વિષયક પ્રસ્તુતિ કર્ટન રેઇઝર તહેત કરશે.

આ બેઠકોમાં ભારત સરકારના વિદેશ, ઉદ્યોગ તથા અન્ય મંત્રાલયોના વરિષ્ઠ સચિવો મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંહ, મુખ્યમંત્રી મુખ્ય અગ્ર સચિવ. કૈલાસનાથન, અગ્ર સચિવ એમ. કે. દાસ, સચિવ અશ્વિનીકુમાર, ઉદ્યોગ કમિશનર શ્રીમતી મમતા વર્મા અને ગુજરાત સરકારના સંબંધિત ઉચ્ચ અધિકારીઓ પણ જોડાશે.

મુખ્યમંત્રી શુક્રવારે મોડી રાત્રે ગાંધીનગર પરત આવશે.

મોરબી જિલ્લામાં શહેરી વિસ્તારમાં ઓનલાઈન બિન ખેતી કરાવવું બન્યું વધુ સરળ



બિન ખેતીની મંજુરીન માટે અરજદારોને કચેરીના ધક્કા ખાવા પડતા જેથી રાજયના મુખ્યમંત્રી રૂપાણીએ અરજદારોને મુશ્કેલી ન પડે તે માટે બિન ખેતી માટે ઓનલાઈન મંજુરી શુભારંભ કરાવ્યો છે.

રાજયમાં સરકારી કામગીરીને પારદર્શક બનાવવા માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા તા.૧૨ને લાભપાંચમના રોજ ઓનલાઈન બિનખેતી પ્રક્રિયાનો શુભારંભ કરાવાયો હતો, જોગાનુજોગ મોરબીમાં તા.૧૨ના રોજ વજેપરમા રહેતા ખેડૂત હરજીવનભાઈ નરશીભાઈ નકુમે વજેપર રેવન્યુ સર્વે નંબર ૧૦૧૮ પૈકી ૨ની ૪૧૪૮ ચોરસ મિટર જમીન ખેતીમાંથી બિનખેતીમાં ફેરવવા અરજી કરી હતી.

હરજીભાઈની અરજી બાદ માત્ર બે જ દિવસમાં બિન ખેતીની મંજુરી મળી ગઈ હતી જેથી અરજદાર હરજીભાઈને કચેરીના ધરમના ધક્કામાંથી મુક્તિ મળી હતી અને સમયનો પણ બચાવ થયો હતો.રાજયમાં લગભગ આ પ્રથમ બનાવ હશે જેમાં આટલી ઝડપથી પ્રક્રિયા પૂર્ણ થઈને અરજદારને હેરાન પણ ન થવું પડે. મોરબી જિલ્લાનો પ્રથમ ઓનલાઈન બિનખેતીનો કિસ્સો હોવાથી જિલ્લા કલેકટર આર.જે. માંકડિયા, અધિક નિવાસી કલેકટર કેતન જોશી અને બિનખેતી શાખાના નાયબ મામલતદાર નીખિલભાઈ જોશી સહિતના સ્ટાફ દ્વારા ઝડપી કામગીરી કરાવી ઓનલાઈન ફી, ચલણ ભરવાની પ્રક્રિયા સંપ્પન કરી લઈ આજરોજ વજેપરના અરજદાર હરજીવનભાઈ નરશીભાઈ નકુમને બિનખેતીનો ઓનલાઈન હુકમ આપ્યો હતો.

અરવલ્લી જિલ્લાના કામદારોને સસ્તો, ઝડપી અને ઘરઆંગણે ન્યાય મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ

આગામી સમયમાં રાજયના બાકી તમામ તાલુકામાં કોર્ટની સુવિધા ઉપલબ્ધ કરાવાશે - કાયદા રાજ્ય મંત્રી પ્રદિપસિંહ જાડેજાઃ મોડાસા ખાતે આગામી તા.૧૯ નવેમ્બરથી લેબર કૉર્ટ કાર્યરત કરાશે

રાજયના તમામ કામદારોને સસ્તો, ઝડપી અને ઘરઆંગણે ન્યાય મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્યમાં અલાયદી ઔદ્યોગિક અને મજૂર અદાલતો હોવાના પરિણામે પક્ષકારોના કેસો અલાયદી રીતે ઝડપી ચાલી શકે તે દિશામાં આગળ વધતાં રાજ્ય સરકાર દ્વારા નામ. ગુજરાત હાઈકૉર્ટના પરામર્શમાં આગામી તા.૧૯ નવેમ્બર- ૨૦૧૮થી અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે દર મહિનાના ત્રીજા સોમવારથી એક અઠવાડિયા માટે લેબર કૉર્ટ કાર્યરત કરવામાં આવશે તેમ, રાજ્ય કાયદા મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

રાજ્ય કાયદા મંત્રીએ વધુ વિગતો આપતાં કહ્યું હતું કે મોડાસા ખાતે આ લેબર કોર્ટ ઉપલબ્ધ થતાં લિટિગન્ટ્સને ઘરઆંગણે સસ્તો અને ઝડપી ન્યાય મળી રહેશે. તેમજ જે કામદારોને કામ કરતા શારિરીક ઈજા પહોંચી હોય, તેઓને વળતરમાટે દૂર સુધી ધક્કા નહી ખાવા પડે અને ઘર આંગણે તેઓને ઝડપી વળતર મળી શકશે. અગાઉ અરવલ્લી જિલ્લાના ભિલોડા, માલપુર, મેઘરજ, મોડાસા, ધનસુરા અને બાયડ તાલુકાના કામદારોને સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર સુધી ન્યાય મેળવવા જવું પડતું હતું જે આ કૉર્ટ કાર્યરત થવાના પરિણામે હવે કામદારોને ઘર આંગણે જ ન્યાય મળી રહેતાં તેમની મુસાફરીના સમયમાં અને નાણાકીય ખર્ચમાં બચત થશે તેમજ તેમની મુશ્કેલીઓમાં ઘટાડો થશે. આ ઉપરાંત નવી અદાલત કાર્યરત થતા કોર્ટમાં જે કેસો પડતર છે તેના નિકાલમાં પણ ઝડપ આવશે.

રાજય સરકારે હાલમાં અમદાવાદ, ભાવનગર, નડિયાદ, જામનગર, મહેસાણા, રાજકોટ, સુરત અને વડોદરા ખાતે એક એક- એમ કુલ ૮ જિલ્લાઓમાં ઔદ્યોગિક અદાલતોની સ્થાપના કરી છે. આ ઉપરાંત, રાજયના અમદાવાદ, અમરેલી, આણંદ, ભરુચ, ભાવનગર, કચ્છ-ભૂજ, દાહોદ, પંચમહાલ- ગોધરા, સાબરકાંઠા-હિંમતનગર, જામનગર, જુનાગઢ, ગાંધીનગર, મહેસાણા, ખેડા-નડિયાદ, નવસારી, બનાસકાંઠા- પાલનપુર, રાજકોટ, સુરત, સુરેન્દ્રનગર, વડોદરા, વલસાડ અને પોરબંદર-એમ કુલ ૨૨ જિલ્લાઓમાં મજુર અદાલતો કાર્યરત છે તેમ પણ મંત્રીએ ઉમેર્યું હતું.

સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌને સમાન ન્યાયના મંત્રને વરેલી મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની સરકારમાં રાજયના તમામ ક્ષેત્રોનો નોંધપાત્ર વિકાસ થયો છે. ગુજરાત દેશભરમાં ઔદ્યોગિક વિકાસ ક્ષેત્રે અગ્રેસર છે જેના પરિણામે સ્વાભાવિક રીતે કામદારોના પ્રશ્નો પણ જોવા મળતા હોય છે. આ સંજોગોમાં કામદારોના પ્રશ્નોનું ત્વરિત હકારાત્મક નિરાકરણ આવે અને રાજ્યમાં ઔદ્યોગિક શાંતિ જળવાઇ રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઔદ્યોગિક અને મજૂર અદાલતોની સ્થાપના કરવામાં આવી છે.

રાજયના વિકાસમાં ઉદ્યોગોનો પણ ખૂબ મોટો ફાળો છે. રાજ્યમાં ખૂબ મોટા પાયે ઉદ્યોગો કાર્યરત છે. ઔદ્યોગિક અને મજૂર કાયદાઓ અંતર્ગત ઉદ્યોગોના માલિકો તથા કામદારો વચ્ચે થતા વાદ વિવાદ તથા તેઓના હક-અધિકારના પ્રશ્ન ઉપસ્થિત થાય છે અને આ રીતે તમામ વાદ વિવાદોનો વહેલી તકે યોગ્ય નિકાલ થાય તે માટે રાજ્યમાં ઔદ્યોગિક અને મજૂર અદાલતોની સ્થાપના કરવામાં આવી છે. ઉદ્યોગો અને મજૂરોના પ્રશ્ન માટે જુદા સ્પેશ્યલ કાયદાઓ છે અને જ્યારે આ કાયદાઓ હેઠળની સમગ્ર કાર્યવાહી આ અદાલતોમાં ફરજ નિભાવતા અને ખાસ તાલીમબદ્ધ ન્યાયાધીશો દ્વારા હાથ ધરવામાં આવે છે ત્યારે આવા કેસોની કાર્યવાહીને પણ ઝડપ બને છે. જેના પરિણામે ઉદ્યોગોને પણ પ્રોત્સાહન મળે અને વધુમાં વધુ ઉદ્યોગપતિઓ રાજ્યમાં આવી નવા ઉદ્યોગો સ્થાપી રહ્યા છે. જેથી નવી રોજગારીની તકો ઉભી થાય છે જેનો સીધો લાભ રાજ્યના યુવાનોને મળે છે.

નડિયાદ નગરપાલિકા દ્વારા રૂા.૫.૫૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલ સ્વીમીંગ પુલ તથા ટેનિસ કોર્ટનું નાયબ મુખ્યમંત્રીના હસ્તે લોકાર્પણ

નડિયાદઃ નડિયાદ નગરપાલિકા દ્વારા દાવલીયાપુરા ખાતે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખ ઘટક હેઠળ અંદાજે રૂા.૫.૫૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલ સ્વીમીંગપુલ તથા ટેનિસ કોર્ટનું નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ, મુખ્યદંડક પંકજભાઇ દેસાઇની ઉપસ્થિતિમાં લોકાર્પણ કર્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, નડિયાદ નગરપાલિકા દ્વારા શહેરીજનોની સુવિધા અને તરણ તથા ટેનિસની રમતને ઉત્તેજન મળે તે માટે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ દાવલિયાપુરા ખાતે ઓલેમ્પિક કક્ષાની સ્પર્ધા થઇ શકે તેવો ૫૦ મીટર × ૨૫ મીટર સાઇડનો સ્વીમીંગપુલ બનાવવામાં આવ્યો છે. સ્વીમીંગપુલની બન્ને બાજુ બેઠક વ્યવસ્થા ઉપરાંત ઓફિસ બિલ્ડીંગ તથા પુરૂષ અને મહિલાઓ માટે ચેન્જીંગ રૂમ બનાવવામાં આવ્યા છે. સ્વીમીંગ પુલમાં ક્લોરીનયુક્ત પાણી માટે ક્લોરીનેશન પ્લાન્ટ પણ બનાવવામાં આવ્યો છે. આ સંકુલમાં ૧૪ મીટર × ૨૮ મીટરની ટેનિસ કોર્ટનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે. સંકુલમાં ફુડકોર્ટ તેમજ ટોયલેટ બ્લોક પણ બનાવવામાં આવ્યા છે. આ પ્રસંગે નગરપાલિકા પ્રમખુ શ્રીમતી દિપીકાબેન પટેલ, નગર સેવકો, પદાધિકારીઓ, કલેક્ટર આઇ.કે.પટેલ, જિલ્લા પોલીસ અધિક્ષક દિવ્ય મિશ્ર, નિવાસી અધિક કલેક્ટર રમેશ મેરજા, પ્રાંત અધિકારી લલિત પટેલ સહિત વિશાળ સંખ્યામાં નગરજનો હાજર રહયા.

નવાગામમાં ખુલ્લા મકાનમાંથી અગત્યના દસ્તાવેજો ચોરાઈ ગયા

સુરત

નવાગામ-ડીંડોલી વિસ્તારમાં આવેલા એક ખુલ્લા મકાનમાં અજાણી મહિલાએ પ્રવેશ કરી રોકડા રૂપિયા તથા બેગમાં મુકેલા જરૂરી ડોક્યુમેન્ટ્સ મળી કુલ ૫ હજારની મતાની ચોરી કરી ફરાર થઈ ગઈ હોવાનો બનાવ ડીંડોલી પોલીસ મથકે નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર મૂળ રાજસ્થાન ભીલવાડા જિલ્લાની વતની અને હાલમાં નવાગામ ડીંડોલી ઉમિયાનગર ખાતે ઘનશ્યામ ભેરૂલાલ ગુર્જર રહે છે. તેઓ વેપાર-ધંધા સાથે સંકળાયેલા છે. ગતરોજ બપોરના સુમારે તેમના ખુલ્લા મકાનમાં અજાણી મહિલાએ પ્રવેશ કરી રોકડા રૂા.૫ હજાર તથા બેગમાં મુકેલા ડોક્યુમેન્ટ્સની ચોરી કરી ફરાર થઈ ગઈ હતી. આ બનાવની જાણ વેપારી ઘનશ્યામ ગુર્જરને થતાં તેમણે ડીંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પ્રોહીબીશનના ગુન્હામાં દોઢ વર્ષથી નાસ્તા ફરતા બે આરોપી રાજસ્થાનથી ઝડપાયા





ટંકારા પોલીસે પ્રોહીબીશનના ગુનામાં નાસ્તા ફરતા આરોપીને રાજસ્થાનથી ઝડપી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે

ટંકારા પોલીસ મથકમાં નોંધાયેલ પ્રોહીબિશનના ગુનામાં આરોપી કમલેશ ધીરજલાલ ચોંટાઈ રહે. રાજકોટ વાળાનો જેતપુર જેલમાંથી કબ્જો મેળવી રિમાન્ડ પર લઈ પોલીસે અન્ય છેલ્લા દોઢ વર્ષથી આરોપી વિષ્ણુ ભવાનીશંકર ઓડ તથા જગદીશભાઈ દયારામ માલી રહે. બન્ને રાજસ્થાન વાળને રાજસ્થાનથી ઝડપી લઈને ધોરણસરની કાયવાહી હાથ ધરી છે.

સાગબારા પોલીસ ઊંઘતી ઝડપાઇ

વડોદરા આર.આર સેલે સેલંબામાં જુગાર રમતા ૧૦ ઈસમોને ઝડપી પાડ્યા

જુગાર રમતા પકડાયેલ આરોપીઓ

(૧) નંદલાલ ગુલાબ વસાવા (૨) પંકજ રમેશ વસાવા (૩) ભગવાન હમલા વસાવા (૪) શંકર પીતાંબર નવલે (૫) રાજેશ વિશ્વનાથ ચૌધરી (૬) જાવેદ હમીદ પિંજારા (૭) રાજેન્દ્ર શંકર ચૌધરી (૮) મનોજ નિમુલાલ ગુપ્તા (૯) જીતેન્દ્ર મનોહર ઉર્ફે દિલીપ વસાવા (૧૦) શહીદ હનીફ પંજારી

રાજપીપળા:નર્મદા જિલ્લા પોલીસ વડા મહેન્દ્ર બગડીયાએ થોડા સમય પેહલા પોલીસ અધિકારીઓની મીઠી નજર હેઠળ નર્મદા જિલ્લામાં દારૂ-જુગારના અડ્ડાઓ કાર્યરત હોવા બાબતનો એક પરિપત્ર બહાર પાો હતો.એ બાદ નર્મદા જિલ્લા પોલીસના વિવિધ વિભાગોમાં ધરખમ ફેરફારો પણ કરવામાં આવ્યા હતા. નર્મદા જિલ્લા પોલીસ વડાના કડક વલણ બાદ એકંદરે રાજપીપળા સહિત જિલ્લાના અમુક વિસ્તારોમાં દારૂ-જુગાર અને અસામાજિક પ્રવૃત્તિઓમાં રોક જરૂર લાગી છે.

પણ આ તમામની વચ્ચે બુધવારે ચોક્કસ બાતમીને આધારે વડોદરા આર.આર સેલે વડોદરા રેન્જ આઈજીપી અભય ચુડાસમાની સીધી સૂચનાથી નર્મદા જિલ્લા સાગબારા તાલુકાના સેલંબામાં અચાનક રેડ પાડી હતી.દરમિયાન ૧૦ જેટલા ઈસમોને ૮૮૭૫ રૂપિયા રોકડા ૧૯,૫૦૦ રૂપિયાના ૧૧ નંગ મોબાઈલ,૧.૧૦ લાખની ૪ બાઈકો,૬૫૦ રૂપિયાનો અન્ય સામાન મળી કુલ ૧.૩૯.૦૬૫ રૂપિયાના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.તો સાગબારા પોલીસને ઊંઘતી ઝડપી પાડી વડોદરા આર.આર સેલે જુગારીઓને પકડી પાડવાનો આ બનાવ જિલ્લામાં ચૌરે અને ચૌટે ચર્ચાઈ રહ્યો છે.

એસ.એસ.ના ત્રણ ભૂંગળા તથા કોપરના વાયર તથા તાંબાના તાર સાથે શંકાસ્પદ હાલતમાં એક ઈસમને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કવોર્ડ, ભરૂચ



ભરૂચ : પોલીસ મહાનિરીક્ષક અભયસિંહ ચુડાસમા વડોદરા રેન્જ, વડોદરા તથા ભરૂચ જિલ્લા ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક શ્રી એલ. એ. ઝાલાની સૂચના તેમજ માર્ગદર્શન મુજબ ભરૂચ જિલ્લામાં બનતી મિલકત સંબંધી તથા વાહનચોરીના ગુનાઓ શોધી કાઢવા જણાવ્યું હતું. જેથી સ્ટાફ સાથે ભરૂચ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન નંદેલાવ બ્રીજ નીચે શાહરૂખ અલી અહેમદ અંસારી હાલ રહે. અજીમનગર, નંદેલાવ ભરૂચ, મૂળ રહે. નૈરંગપુરવા, તા. ઈટાયા થોક, જી. ગૈંડા (યુપી)એ સ્ટેનલેસ સ્ટીલ ના ભુંગળા નંગ ૩ તથા બે મીણીયા કોથળા જેમાં એક થેલામાં કોપરના તાર તથા વાયરો મળી કુલ રૂા. ૧૫૨૦૦નો મુદ્દામાલ કોઈપણ જાતના આધાર પુરાવા વગર મળી આવતા સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે કરેલ છે. અને આરોપીને તા. ૧૫-૧૧-૧૮ના ક. ૧૮.૦૦ કલાકે બની કાર્યવાહી કરવા સુપ્રત કરવામાં આવેલ છે.

ઉપરોક્ત કામગીરી ભરૂચ પેરોલ ફર્લો સ્કવોડના પો.સ.ઈ. જે. વાય. પઠાણ તથા અ.હે.કો. હરેન્દ્ર બશીલાલ બ.નં. ૮૨૮, અ.હે.કો. ગુલામખાન પઠાણ બ.નં. ૯૩૩, અ.હે.કો. કુતબુદ્દીન અમીરૂદ્દીન બ.નં. ૧૩૮૫, અ.હે.કો. હરેકૃષ્ણ બ.નં. ૧૪૦૯, અ.હે.કો. મગનભાઈ દોલાભાઈ બ.નં. ૧૨૫૩, અ.પો. કો. નિલેષભાઈ નારસિંગભાઈ, બ.નં. ૧૮૦૪, લો.પો.કો. વિશાલ રમેશભાઈ બ નં. ૧૧૩૪ તથા વુમન પો.કો. નિતાબેન રમણસિંહ બ.નં. ૧૯૮૦ દ્વારા ટીમવર્કથી કામ કરવામાં આવેલ છે.

લાંચ કેસમાં પ્રિન્સ સુમરાનો રાજ્ય વડી કોર્ટમાંથી જામીન પર છુટકારો

સુરત

સૈયદપુરાના એક બિલ્ડર પાસે લાંચ માંગવાના એક કિસ્સામાં સંકળાયેલા વોર્ડ નં.૧૧ની મહિલા કોર્પોરેટર નેન્સી સુમરાના સગા ભાઈ પ્રિન્સ સુમરાને ગુજરાત હાઈકોર્ટે જામીન પર છોડવાનો હુકમ કર્યો હતો. જોકે સુરત સેશન્સ કોર્ટે તેની જામીન રદ કર્યા બાદ તેણે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી કરી હોવાનું બચાવ પક્ષના એડવોકેટ કલ્પેશ દેસાઈ તથા વિરલ ચલીયાવાળાએ જણાવ્યું હતું.

આ કેસની વિગતો એવી છે કે, સૈયદપુરા વિસ્તારમાં રહેતાં એક બિલ્ડર પાસે ગેરકાયદેસર બાંધકામમાં કોઈપણ અધિકારીની હેરાનગતિ નહીં થાય તેવું જણાવી રૂા.૭૫ હજારની માંગણી કરી હતી. એસીબી દ્વારા છટકુ ગોઠવી પિતા મોહન સુમરા તથા પ્રિન્સ સુમરાની ધરપકડ કરી લેવામાં આવી હતી. ત્યારબાદ ભાજપની મહિલા કોર્પોરેટર નેન્સી સુમરાની પણ ધરપકડ કરી લઈ લાજપોર જેલમાં મોકલી આપવામાં આવી હતી.

ઉપલેટા તાલુકાના ખેડૂતોની માંગ સરકારે સ્વીકારી : અંતે ફૂલઝર - ૨માંથી પાણી છોડાયું



વસોયા પોતાનો મત વિસ્તાર હોવા છતાં તેમાં પોતાનો અંગત સ્વાર્થ ન હોવાને લીધે નિષ્ક્રિય જ રહ્યા ને એક સામાજિક કાર્યકરે ખેડૂતોનું કામ કરી બતાવ્યું

વસોયા ફક્ત તેમના મળતીયાઓનાં પ્રશ્નો મુદ્દે ધ્યાન આપતા હોવાથી મત વિસ્તારમાં તેમનો ભારે વિરોધ



ઉપલેટા,

ઉપલેટાના મામલદાર કચેરી સામે ઉપલેટા તાલુકાના પાંચ ગામના ખેડૂતોએ ફુલઝર ડેમ માંથી પાણી સિંચાઈ માટે આપવા તા ૫ નવેમ્બર નારોજ ખેડૂતો એ ઉપલેટા મામલતદાર કચેરી બહાર ખેડૂત અગ્રણી મેહુલ ચન્દ્રવાડીયા ની અધ્યક્ષતામાં ૫ તાલુકાના ખેડૂતો એ ધારણા કર્યા હતા. જેથી ફુલઝર ૨ ડેમ માંથી પિયત માટે પાણી છોડવા બાબતે ખેડૂતોના ધારણા બાદ આજરોજ ફૂલઝર ૨ માંથી સિંચાઈ માટે ૧૭ MCFT પાણી છોડવામાં આવ્યું હતું. ઓછા વરસાદના કારણે ખેડૂતોના પાક સુકાઈ રહ્યા હોય પિયત માટે પાણી છોડવા ખેડૂતોની માંગ ને લઈ ઉપલેટા ના કોલકી રબારીકા ખારચીયા પાનેલી ભાયાવદર કુલ ૫ ગામના ખેડૂતો એ તેમની માંગ પર અડગ રહી રજુઆતો કરેલ હતી. જેથી સરકારે માત્ર ૬ mcft પાણી મંજુર કરેલ જે બાદ ખેડૂત અગ્રણી મેહુલ ચન્દ્રવાડીયાએ ઉચ્ચ કક્ષાએ રજુઆત કરેલ હતી મેહુલ ચન્દ્રવાડીયાની ખેડૂત ના હિત માટે ના પ્રશ્નને સરકાર એ તાત્કાલિક ધોરણે ધ્યાને લઈ અને આ જરોજ બીજું ૧૭ mcft પાણી ની છોડવામાં આવેલ હતું.જેને કોલકી રબારીકા ખારચીયા પાનેલી ભાયાવદર કુલ ૫ ગામના ખેડૂતોમાં ખુશીની લાગણી વ્યાપી ગઈ હતી અને મેહુલ ચન્દ્રવાડીયાનો ખેડૂતોએ આભાર વ્યક્ત કરેલ હતો.



સિંચાઈ માટે છોડીઆપેલ પાણી મુદ્દે કોંગ્રેસના નેતા જસ ખાટવાનો પ્રયત્ન ન કરે : મેહુલ ચન્દ્રવાડીયા (ખેડૂત અગ્રણી)

મોંઘા ભાવે બિયારણ ખાતર વગેરે ખર્ચ કરી ખેડૂતો એ પાક નું ઉછેર કર્યું પરંતુ વરસાદ ખેંચાતા ખેડૂતો ચિંતિત બન્યા અને હાલ મુરઝાઈ ગયેલ મોલ ને જીવન્ત દાન આપવા પાણી ની જરૂર હતી સરકારે ખેડૂતો ના હિતમાં તાત્કાલિક નિર્ણય કર્યો છે જે આવકાર દાયક છે આબાબતે મેં મુખ્ય મંત્રી સિંચાઈ મંત્રી કૃષિ મંત્રી સહિતનાઓને રૂબરૂ મળી પાણી છોડવા રજુઆત કરી હતી જે બાબતે સરકારે તાત્કાલિક ખેતી માટે પાણી છોડવાનું નિર્ણય કર્યું છે. આ બાબતે કોંગ્રેસના નેતાઓ જસ ખાટવા અધીરા ન બને અને ખેડૂતો ના મુદ્દે રાજકારણ ન રમે.

જલારામ બાપાની ૨૧૯મી જન્મજયંતિએ DySPએ કાપી કેકઃ ૨૫ વર્ષથી અમેરિકાથી આવે છે NRI



જેતપુર

સૌરાષ્ટ્રભરમાં જલારામ બાપાની ૨૧૯મી જન્મજયંતિની ભાવભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત સુપ્રસિદ્ધ યાત્રાધામ વિરપુર ખાતે પણ સંત શીરોમણી જલારામ બાપા જન્મજયંતિની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી રહી છે. જેને લઈને વીરપુરના ભક્તિમય રંગે રંગાયેલા ગ્રામજનોમાં દિવાળીના તહેવાર જેવો માહોલ જોવા મળી રહ્યો છે. જલારામ મંદિર ખાતે બાપાના દર્શનાર્થે દેશ વિદેશથી ભાવિકોનું ઘોડાપુર ઉમટી પડ્યું છે. આ તકે જેતપુરના DySPએ ૫૧ કિલોની કેક કાપી જલારામ બાપાનો જન્મોત્સવ ઉજવ્યો હતો.

જલારામ બાપાની જન્મજયંતિ નિમિતે સમગ્ર વિરપુર શહેરમાં રોશનીના શણગારો કરવામાં આવ્યા છે. તેમજ બજારોમાં વિવિધ રંગોળીઓ સહિત મંડપ કમાનો નાખીને બજારોને શણગારવામાં આવી છે. બાપાની જન્મજયંતિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. 'દેનેકો ટુકડા ભલા, લેને કો હરી નામ' સૂત્રને સાર્થક કરીને પૂજ્ય જલારામ બાપા દેશ વિદેશમાં ખ્યાતિ પામ્યા છે. જેમના દર્શનાર્થે વહેલી સવારથી જ ભાવિકોની કતારો જોવા મળી હતી.

અમેરિકામાં વસતા એક ભાવિક ભક્ત જગદીશ પટેલ પણ ખાસ બાપાના દર્શનાર્થે આવી પહોંચ્યા હતા. તેઓ છેલ્લા ૨૫ વર્ષથી અમેરીકાથી અન્ન જળનો ત્યાગ કરીને વીરપુર જલારામ બાપા દર્શનાર્થે આવે છે અને બાપાના દર્શન કર્યા બાદ અન્નજળ ગ્રહણ કરે છે. જગદીશભાઈ કહે છે કે, જલારામ બાપાનું મહાત્મ્ય અનોખું છે. જલારામ મંદિર દ્વારા દરરોજ હજારો લોકોને ભોજન પણ કરાવાય છે.

મોરબીના પાનેલી સહિતના સાત ગામોના પીવાના પાણીના પ્રશ્ને સરકારમાં રજૂઆત

મંત્રીના હકારાત્મક વલણથી પ્રશ્નના ઉકેલની આશ બંધાઈ



મોરબી તાલુકાના સાત ગામોમાં પીવાના પાણી મળતા ના હોય જેથી બોર આધારિત પાણી પીવા મજબુર હોય જેથી આ ગામોના સરપંચ દ્વારા રાજયના પાણી પુરવઠા મંત્રીને રૂબરૂ મળીને રજૂઆત કરવામાં આવી હતી અને મંત્રી દ્વારા હકારાત્મક વલણ દાખવીને પ્રશ્નના ઉકેલની ખાતરી આપવામાં આવી છે

મોરબી તાલુકાના પાનેલી, મકનસર, જાંબુડિયા, લખધીરપુર, કાલિકાનગર, બંધુનગર, ગીડચ સહિતના ગામો બોર આધારિત છે અને પાણીમાં ટીડીએસનું પ્રમાણ વધુ હોવાથી પીવાલાયક રહેતું નથી જેથી આ ગામના સરપંચો દ્વારા રાજ્યના પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાને રૂબરૂ મળીને રજૂઆત કરવામાં આવી હતી અને આ ગામોના પીવાના પાણીના પ્રશ્ને મંત્રીએ હકારાત્મક વલણ અપનાવ્યું હતું અને સભ્ય સચિવને પત્ર લખીને પ્રશ્નના ઉકેલ માટે કાર્યવાહી કરવા જણાવ્યું છે

જેમાં આ ગામોના પાણીના પ્રશ્ને પાનેલી મકનસર જૂથ પાણી પુરવઠા યોજના અન્વયે ટેન્ડર પ્રક્રિયા કરીને વહેલી તકે કામ ચાલુ કરીને ગામનો પીવાના પાણીનો પ્રશ્ન હલ થાય તે અંગે નિયમોનુસાર કાર્યવાહી કરવા સુચના આપી છે અને કાર્યવાહી અંગે અરજદાર અને મંત્રીને જાણ કરવા તાકીદ કરી છે જેથી આ ગામોનો પીવાના પાણીનો પ્રાશન વહેલી તકે ઉકેલાઈ જશે તેવો આશાવાદ ગામના સરપંચોએ વ્યક્ત કર્યો હતો.

માળિયા : સુરજબારી પુલ નજીક બે ટ્રક વચ્ચે બોલેરો સેન્ડવીચ બની, ચાલકનું કમકમાટીભર્યું મોત

બોલેરોમાં સવાર અન્યને ઈજા પહોંચી, અકસ્માત બાદ ટ્રક ચાલક ફરાર

માળિયા નજીક હાઈવે પર ટ્રકના ચાલકે બોલેરોને પાછળથી ઠોકર મારતા આગળ ઉભેલા ટ્રકમાં બોલેરો ઘુસી ગઈ હતી જે અકસ્માતમાં બોલેરો ચાલકનું મોત નીપજયું છે જયારે અન્યને ઈજા પહોંચી છે

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ વાંકાનેર તાલુકાના ભલગામના રહેવાસી લખાભાઈ બોઘાભાઈ સુસરાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે આરોપી ટ્રક નં જીજે ૧૨ એયુ ૯૧૦૬ ના ચાલકે સુરજબારી પુલ નજીક ફરિયાદીના ભત્રીજા લીલાભાઈ કાલાભાઈ બોલેરો કારને ઠોકર મારતા બોલેરો કાર આગળ ઉભેલ ટ્રક સાથે ડાબી જતા ફરિયાદીના ભત્રીજા લીલાભાઈ કાલાભાઈ ભરવાડનું મોત નીપજયું છે જયારે બોલેરો સવાર અન્યને ઈજા પહોંચી છે અને અકસ્માત બાદ આરોપી નાસી ગયાનું જાણાવ્યું છે માળિયા પોલીસે અકસ્માતના બનાવની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પત્નીએ દારૂ પીવાની ના પાડતા યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

મોરબીના ભરતનગર ગામ નજીક ફેકટરીમાં મજુરી કામ કરતા યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે તો બનાવ અંગે મોરબી પોલીસે તાલુકા પોલીસે નોંધ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના ભરતનગર ગામ નજીક આવેલ સાગર સિમેન્ટ પ્રોડક્ટ નામના કારખાનામાં રહીને મજુરી કામ કરતા દિલીપ સોમાભાઈ નાયક (ઉ.૨૭) વાળાએ કોઈકારણોસર પોતાના કવાર્ટરમાં ગળેફાંસો ખાઈ આપઘાત કરી લેતા મૃત્યુ નીપજયું હતું.બનાવ અંગે તપાસ કરતા મોરબી તાલુકા પોલીસ મથકના એસ.વી. સોલંકીએ જણાવ્યું હતું કે મૃતક દિલીપ દારૂ પીવાની ટેવ વાળો હોય અને પત્નીએ દારૂ પીવાની નાં પાડતા ગળેફાંસો ખાઈ લીધો હતો.

મોરબીના રવાપર રોડ પરના શો રૂમ દ્વારા ફેલાતી ગંદકીથી રહીશોમાં રોષ

મોરબીના રવાપર રોડ પર આવેલ ખાનગી કંપનીના શો રૂમ દ્વારા ગંદકી ફેલાતી હોય જેથી લત્તાવાસીઓમાં રોષ જોવા મળી રહ્યો છે અને આ મામલે જાગૃત નાગરિકે પાલિકા ચીફ ઓફિસરને રજૂઆત કરી છે

મોરબીના રવાપર રોડ પરના કાલિકા પ્લોટના રહેવાસી આર જે લવાએ ચીફ ઓફિસર ને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે ઘર પાસે વી માર્ટ શો રૂમનો પાછળનો એરિયા છે જેમાં શો રૂમના ટોઈલેટ અને બાથરૂમ આવેલા હોય જેના પીવીસી પાઈપ તૂટી ગયા છે અને દુર્ગંધ મારતું ગંદુ પાણી રસ્તા પર નીકળી ઘર પાસે જમા થાય છે આ બાબતે વી માર્ટ મેનેજરને રૂબરૂ મળીને સમસ્યાના ઉકેલ માટે જણાવ્યું પરંતુ તેઓ ઉદ્ધત જવાબ આપતા હોવાનું જણાવ્યું છે અને શો રૂમના જવાબદાર તેમની મનમાની ચલાવી રહ્યા છે ગંદા પાણીને પગલે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે અને રોગચાળાની ભીતિ સેવાઈ રહી છે

આ મામલે અગાઉ પણ પાલિકામાં લેખિત રજૂઆત કરી હતી જોકે મોરબી પાલિકા દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી ત્યારે જો આ સમસ્યાનો વહેલી તકે ઉકેલ ના આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારી છે તેમજ ગંદકીથી રોગચાળો ફેલાશે તેની સંપૂર્ણ જવાબદારી તંત્રની રહેશે તેમ જણાવ્યું છે.

અનુસૂચિત જાતિના ઉમેદવારોને યોગ સેમિનારમાં જોડાવા અપીલ

નવસારી

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર ધ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં અનુસુચિત જાતિની વસ્તી ધરાવતા એક તાલુકા મથક ખાતે યોગ સેમિનારનું આયોજન વિનામૂલ્યે હાથ ધરવામાં આવનાર છે. યોગમાં રસ ધરાવતા અનસુચિત જાતિના ઉમેદવારોએ સિનિયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ૧/૨, જવાહર લાલ નહેરુ શોપીંગ સેન્ટર, ઘાંચી પંચની વાડી સામે, દુધિયા તળાવ, નવસારી ફોન નંબર (૦૨૬૩૭) ૨૮૦૩૮૮ ઉપર સિનિયર કોચનો સંપર્ક કરીને યોગ સેમિનાર માટેના પ્રવેશપત્ર વિનામૂલ્યે મેળવવાના રહેશે. આ પ્રવેશપત્રમાં સંપૂર્ણ વિગતો ભરીને તા.૨૩/૧૧/૧૮ સુધીમાં રૂબરૂ અથવા ટપાલ મારફતે મોકલી આપવાના રહેશે. પસંદ થયેલા ઉમેદવારોને સિનિયર કોચ ધ્વારા યોગ સેમિનાર અંગે સમય અને સ્થળની જાણ કરવામાં આવશે.

મોરબી યાર્ડમાં મગફળીની ટેકાના ભાવે ખરીદીના પ્રથમ દિવસે જ હોબાળો



રાજ્ય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદી માટેની કરેલી જાહેરાત બાદ આજે ખરીદીના પ્રથમ દિવસે જ મોરબી માર્કેટિંગ યાર્ડમાં હોબાળો થયો હતો અને સેમ્પલ લેવા માટે મગફળીના ઢગલા કરવાના આગ્રહથી ખેડૂતો રોષે ભરાતા હંગામો કર્યો હતો અને મગફળી વેચ્યા વિના જ પરત ફર્યા હતા.

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ૧૦૦૦ રૂ મણના ભાવથી મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવા માટેના રજીસ્ટ્રેશન બાદ આજે ટેકાના ભાવે મગફળી ખરીદી કરવાની શરૂઆત થઇ હતી જોકે ગત વર્ષના મગફળી કોભાંડમાં ગુણીમાંથી માટીના ઢેફા જ નીકળતા આ વર્ષે ક્વોલીટી માટે ખાસ તકેદારી રાખવાની સુચના અન્વયે મગફળી ઉચ્ચ ક્વોલીટીની હોય અને ૬૫ થી ૭૦ નો ઉતારો હોય તેમજ કચરો ના હોય તેવી મગફળી ખરીદવાના નિયમને પગલે ખેડૂતોમાં રોષ વ્યાપી ગયો હતો

તેમજ સેમ્પલ લેવા માટે મગફળીનો ઢગલો કરવાનો જ આગ્રહ રાખવામાં આવ્યો હતો ત્યારે ખેડૂતો મગફળી ટ્રેક્ટરમાંથી ઢગલો કરે પરંતુ બાદમાં જો ખરીદવામાં ના આવે તો માલ ભરવાની મજુરી કોણ ચુકવે સહિતના પ્રશ્નો ખેડૂતોને કોરી ખાતા હોય જેથી હોબાળો મચ્યો હતો અને આજે માગ્ફળી વેચવાને બદલે ખેડૂતો પરત ફર્યા હતા જેથી પ્રથમ ગ્રાસે જ મક્ષિકા જેવો ઘાટ સર્જાયો હતો.

ભવિષ્યનું ભારત એકતા અને અખંડિતતા સાથે આગળ વધે તે માટે સંકલ્પબધ્ધ થવા પૂર્વ રાજ્યમંત્રી શબ્દશરણભાઈ તડવીનો અનુરોધ

નર્મદા જિલ્લામાં તા. ૨૦ મી નવેમ્બર સુધી ચાલનારી બીજા તબક્કાની એકતા રથ યાત્રા પરિભ્રમણનો થયેલો પ્રારંભ





રાજપીપળા : રાજ્ય વ્યાપી એકતા રથ યાત્રાના પ્રથમ તબક્કા બાદ આજે બીજો તબક્કો શરૂ થયો હતો. આ કાર્યક્રમના ભાગરૂપે આજે રાજપીપળાના સરદાર ટાઉન હોલ ખાતે રાજ્યના પૂર્વ રાજ્યમંત્રી શબ્દશરણભાઈ તડવીએ સરદાર સાહેબની પ્રતિમાને પુષ્પાંજલી અર્પી એકતા રથને ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યો હતો. રાજપીપલા નગરપાલિકાના પ્રમુખ જીગીશાબેન ભટ્ટ, જિલ્લા વિકાસ અધિકારી ડૉ. જીન્સી વિલીયમ, નિવાસી અધિક કલેક્ટર એચ.કે. વ્યાસ, જિલ્લા અગ્રણી ઘનશ્યામભાઈ દેસાઈ, રમણસિંહ રાઠોડ, જયંતિભાઈ તડવી, ભગવાનદાસભાઈ પટેલ, પ્રકાશભાઈ વ્યાસ, જિલ્લા તાલુકાના પદાધિકારકીઓ-અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

સરદાર ટાઉન હોલ ખાતેના કાર્યક્રમમાં મહાનુભાવોએ દિપ પ્રાગટ્ય કર્યા બાદ પૂર્વ રાજ્યમંત્રી શબ્દશરણભાઈ તડવીએ જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યમાં એકતા યાત્રા થકી એકતાનો સંદેશો પહોંચશે. સરદાર વલ્લભભાઈ પટેલે જીવંત પર્યત દેશ માટે કામ કર્યું છે. દેશના ૫૬૨ જેટલા રજવાડાઓને એક કરી અખંડ ભારતની રચના કરી છે. ભવિષ્યનું ભારત એકતા અને અખંડિતતા સાથે આગળ વધે તે માટે આજે આપણે સૌ સંકલ્પબધ્ધ થઈએ. અસંખ્ય સ્થાપત્ય અને શિલ્પો આની સાક્ષી પૂરે છે. નર્મદા જિલ્લામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની એકતા પ્રતિમા બની છે. આ સ્ટેચ્યુ ઓફ યુનિટીનું વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કરેલું લોકાર્પણ. નર્મદા જિલ્લાનાં રહેવાસીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થશે. આ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા દુનિયાના લોકો આવશે, ત્યારે તેમને એકતાના દર્શન થશે. ભાવિ પેઢીમાં એકતાની ભાવના જગાવવા અને એકતાનો સંદેશ ગામડે ગામડે પહોંચાડવા આ એકતા યાત્રા પરિભ્રમણ કરી રહી છે.

૨ા જ પી પ લા નગરપાલિકાના પ્રમુખ જીગીશાબેન ભટ્ટે તેમના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે, આ એકતા યાત્રા એક રહેવાનો સંદેશો આપે છે. એકતા અને અખંડિતતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબે ભારતને એકસૂત્રતામાં ઢાળ્યું છે. સદાય એકતા રહેવી જોઈએ. સમગ્ર સમાજે ભારતીય સંસ્કૃતિ સાથે ચાલીને એક સંપથી રહેવું જોઈએ. વલ્લભભાઈ પટેલે ગાંધીજી સામે લાકડા બાળીને કુટુંબ પ્રેમને ભસ્મીભૂત કરી નાંખ્યુ છે. ભારત દેશ અખંડ રહે તે માટે તેઓ દેશ સેવારૂપી યજ્ઞ કુંડમાં હોમાયા હતા. એકતાના સૂત્ર સાથે ચાલીને એક રહેવાનો સંકલ્પ કરી દેશના ઈતિહાસને જાળવી રાખવા સૌને સંકલ્પબધ્ધ થવા ખાસ અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં નિવાસી અધિક કલેક્ટર એચ.કે. વ્યાસે ઉપસ્થિત સૌ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરી એકતા યાત્રાના આ બીજા તબક્કાના પ્રસ્થાન કાર્યક્રમની રૂપરેખા આપી હતી અને અંતમાં રાજપીપલા નગરપાલિકાના ચીફ ઓફીસર અમીતભાઈ પંડ્યાએ આભારદર્શન કર્યું હતું.

ભરૂચ એલસીબીની ભંગારિયાઓ પર તવાઈ: LPGના જુના નવ બોટલ, બે મોટર સાયકલ જપ્ત



ભરૂચ જિલ્લા પોલીસ અધિક્ષક ની મિલકત સંબંધી ગુન્હાઓ શોધવા ની સૂચના અને દોરવણી આધારે ભરૂચ એલસીબી પો.સબ. ઈન્સ્પેકટર ધ્રુક અને સ્ટાફના માણસો અંકલેશ્વર વિસ્તારમાં ચેકીંગમાં હતા તે દરમ્યાન મળેલ બાતમી આધારે અંસાર માર્કેટ માં આવેલ ધર્મેશ ચાવડાના રોયલ એન્ટરપ્રાઈઝ ના ગોડાઉનમાં તપાસ કરતા એલપીજીના જુના બોટલ નંગ નવ, બે મોટર સાયકલ મળી આવતા હાજર દેવેન્દ્ર અમરનાથ યાદવ હાલ રહે. કોસમડી તા. અંકલેશ્વરના ની પૂછપરછ કરતા કોઈ પણ પ્રકારના બિલ કે કાગળ અથવા વ્યવસ્થિત જવાબ ન મળતા અંદાજે ૧૬૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ૪૧(ડી) મુજબ કાયદેસર કાગળ કરી વધુ તપાસ અંકલેશ્વર સિટી પોસ્ટે.ને આગળની કાર્યવાહી કરવા સોંપેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગતરોજ સુરત રૂરલ ના કોસંબા પોલીસે ભંગાર પકડ્યો હતો આમ હાલ બંને જિલ્લા પોલીસે ભંગયારિયા ઓ પર તવાઈ બોલાવી ચોરીનો માલ પકડવાની ઝુંબેશ ચલાવી છે.


તિલકવાડા તાલુકાના ઉધઈમાંડવા ગામે કાચા મકાનમાં આગ લાગી





તિલકવાડા તાલુકા ના ઉધાઈમંડવા ગામ માં આવેલ બે કાચા મકાનો માં સોર્ટસર્કિટ ના કારણે આગ લાગી હતી આ બે મકાનમાં ઘાસ અને કપાસ ભરેલો હતો. આ ઘર માં રહેતા લોકો ખેતરે ગયા હતા નર્મદા જિલ્લા માં આવેલ તિલકવાડામાં કપાસ નો પાક થાય છે રાઠોડ રેહમતખા મોહમદ ખા બારીયા ગોપાલ ભયજી કે જેઓ ખેતરે કપાસ વીણવા માટે ગયા હતા અને આકસ્મિક આગ લાગતા બે ઘર ઝપેટ માં આવી ગયા હતા અને બળી ને ખાખ થઈ ગયા હતા બંને મકાનો આગમાં ખાખ થઈ ગયા હતા નર્મદા નિગમના ફાયર ફાઈટર અને ખાનગી કન્સ્ટ્રક્શન કંપની અને ગ્રામ પંચાયતોના ટેન્કરથી આગ પર કાબુ મેળવાયો. મકાનમાલિકો કપાસ વીણવા ગયા હતા તે વખતે બલ્બ ફાટતા ઘટના બની હોવાનું ગ્રામજનો જણાવી રહ્યા છે. હાલ તિલકવાડા તાલુકા વિકાસ અધિકારી સહિતની ટીમ ઘટના સ્થળે પહોંચી અને તાત્કાલિક સર્વે હાથ ધર્યો. મકનમાલિકોને તાત્કાલિક નિયમોનુસાર કેશડોલ, ઘરવખરી સહાય તેમજ મકાન સહાય આપવા કાર્યવાહી હાથ ધરાઈ.

દિપ યુનિસેક્સ સલૂનમાં થયેલ તોડફોડમાં પોલીસે જાતે જ ફરીયાદી બનીને રાયોટિંગનો ગુનો દાખલ કર્યો



ભરૂચના દહેજ બાયપાસ રોડ પર તા.૧૧ નવેમ્બરના રોજ શ્રવણ ચોકડી નજીક આવેલ શિલ્પી સ્કવેરમાં આવેલ દિપ સલૂનમાં બપોરના સમયે અચાનક બે રિક્ષાઓમાં બેસી ૮ મહિલાઓ ધસી આવી અને સલૂનમાં પ્રવેશી અંદરના ભાગે બેઝબોલ સ્ટીક અને લાકડીઓ વડે ભારે તોડફોડ કરી ફરાર થઈ ગઈ હતી.જોકે ફરીયાદી દ્વારા તે અંગે કોઈ ફરિયાદ નોંધાઈ હતી.

બનાવ અંગેની જાણ શહેર એ ડિવિઝન પોલીસ મથકે થતા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સમગ્ર મામલા અંગે સલૂનમાં લાગેલા સીસીટીવી કેમેરાના મળેલ ફૂટેજના આધારે સલુનમાં તોડફોડ કરનાર મહિલાઓમાં ૮ પૈકી ૬ની ઓળખ કરીને જાતે સરકાર તરફે ફરીયાદી બની ૭ સામે રાયોટીગનો ગુનો દાખલ કરી વિવિધ કલમો નોંધી આગળની કાર્યવાહી આરંભી હતી.

બનાવ અંગે નાયબ પોલીસ અધિક્ષક ડી.પી. વાઘેલાએ જણાવ્યું હતું કે, તા.૧૧ નવેમ્બરે રવિવારના રોજ બપોરે ૧૨.૪૫ના સુમારે શિલ્પિ સ્કવેર્ર શોપીગ સેન્ટરમાં આવેલ દિપ યુનીસેકસ સલુનમાં આશરે ૮ જેટલી મહીલાઓએ આવી તોડફોડ કરી આશરે એકાદ લાખ રૂપિયાનું નુકશાન કર્યું હતું. સલુનના માલિકોએ કોઈક કારણોસર ફરિયાદ કરી ન હતી. સલુનમાં ટી.વી થી માંડી અન્ય વસ્તુઓની પણ તોડફોડ કરવામાં આવી હતી પોલીસે સલુનમાં રહેલ ડીવીઆર કંપનીના માણસને બોલાવી ખોલાવી તેમાં રેકોર્ડ થયેલ ફૂટેજ મેડવી તેમાં તોડ ફોડ કરતી દેખાતી મહીલાઓ પૈકી ૭ જેટલી મહીલાઓની ઓળખ તથા પોલીસે જાતે સરકાર તરફ ફરીયાદી બની ફૂટેજમાં દેખાતા માલણ નયન કાયસ્થ, કોમલ વિનોદ વસાવા, માલણની બેન સોનલ, પ્રિયાંકા ઉર્ફે જીગુ મકવાણા, વૈષ્ણવી રાકેશ વાઘેલા, એશ્મા ઈસ્માઈલ શેખ, રેશમાની બેન તથા ભુરા કલરનું ટોપ અને ગુલાબી લેગીસ પહેરેલ મહિલાજેનું નામ ખબર પડી નથી તે તમામ રહેવાસી દાંડીયા બજાર, ભરૂચનાઓની સામે ગુનો નોંધી તેની તપાસ શરૂ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સદર સલૂનની તોડફોડમાં બુટલેગર નયન કાયસ્થ તથા દીપ સલૂનની માલિક દીપિકા રાજ વચ્ચે પ્રેમ સંબંધ હોવાનું બહાર આવ્યું છે.જે નયની પત્ની માલણને ખબર પડી જતા બનાવ બન્યો હોવાનું કારણ બહાર આવ્યું છે.

ભરૂચ થી વડોદરા જતા નર્મદા ચોકડી પાસે સ્પીડબ્રેકર કયારે મુકાશે?

પ્રાપ્ત માહિતી મુજબ ભરૂચ ને હાઈવે સાથે જોડતી નર્મદા ચોકડી અકસ્માત ને નોતરે તેવી ગોઝારી બની શકે છે કારણ એ છે કે મીપકો ચોકડી થી વડોદરા સુરત જતા વાહનો નો ટ્રાફિક રોજબરોજ વધતો જાય છે ત્યારે એક તરફ નર્મદા ચોકડી પર આવેલ એસટી સ્ટેન્ડ માં વળતી બસો, થોડે આગળ ડાબી બાજુ વલતો વડોદરા જતો ટ્રાફિક તો સામે થી આવતો ટ્રાફિકની વચ્ચે ટ્રાફિક ચોકી છે પણ ત્યાં મોટા સ્પીડ બ્રેકરો મુકવા જરૂરી થઈ પડ્યું છે ત્યારે બિટીઈટી અને જિલ્લા ટ્રાફિક કોઈ રોડ કોન્ટ્રાકટર પાસે ચોકડી ની ચારે ઈન વે , આઉટ વે પહેલા સ્પીડ બ્રેકર તૈયાર કરાવે તેવી ભરૂચ ની જનતાની લાગણીને માંગણી હોવાની ચર્ચા ઉઠવા પામી છે.

ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસે ક્રિમિનલ કેસમાં સજા પામેલ આરોપીને ઝડપી પાડ્યો

શહેર બી ડિવિઝન પોલીસે બાતમીના આધારે ક્રિમિનલ કેસમાં કોર્ટમાંથી સજા થયેલ આરોપીને ઝડપી પાડીને સબજેલ ધકેલી આપ્યો છે. ભરૂચ જિલ્લા ન્યાયાલયના ત્રીજા એડિશનલ સિવિલ જજ દ્વારા ક્રિમિનલ કેસમાં સજા પામેલ આરોપી મહંમદ ઝુબેર અબ્દુલ રસીદ મલેક, રહેવાસી મલેકવાડ નાઓ છેલ્લાં દોઢ મહિનાથી પોલીસ પકડથી નાસતો ફરતો હતો.જેને બી ડિવિઝન પોલીસ સ્ટાફે બાતમીના આધારે ધોબીવાડના નાકા પાસેથી વોચ ગોઠવીને પકડીને પડ્યો હતો.જેને કોર્ટમાં હાજર કરીને સબજેલ માં મોકલી દેવામાં આવ્યો છે.

ભરૂચ નગરપાલિકા તથા ટ્રાફીક પોલીસ દ્વારા રોડ પર દબાણ કરતા વાહન ચાલકોને ચેતવ્યાં





ભરૂચ શહેરમાં વધતા જતા ટ્રાફિકના ભારણને હળવા કરવા તેમજ રાહદારીઓ અને વાહનચાલકોને પડતી તકલીફો નીવારવાના હેતુસર પાલિકા તંત્ર અને પોલીસ વિભાગે લાલ આંખ કરી રસ્તા ઉપર કરાતા ગેરકાયદે દબાણો અને આડેધડ પાર્ક કરાતા વાહનો હટાવવાની ટ્રાફિક ડ્રાઈવ શરૂ કરી છે.

ભરૂચ શહેરના મુખ્ય માર્ગો ઉપર લારી-ગલ્લા તેમજ કેટલાક ઈસમો આડેધડ પોતાના વાહનો ને પાર્ક કરી બેજવાબદારી પૂર્વક જતા રહે છે. તેમજ રસ્તા ઉપર જયાં ત્યાં લારીઓ ઉભી કરવા તેમજ દુકાન ધારકો દ્વારા ગેરકાયદેસર રીતે પોતાની દુકાનોના ડીસ્પ્લે, બેનરો રોડ સુધી મુકવા વિગેરે પ્રવૃત્તિઓ વધી હોવાની ફરિયાદોના પગલે પાલિકા તંત્ર તેમજ પોલીસ તંત્ર દ્વારા ભેગા મળી આજે સવારથી ભરૂચ સ્ટેશન રોડ થી પાંચબત્તિ સુધીના વિસ્તારને આવરી ટ્રાફિક ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. જે ભરૂચ શહેરના વિવિધ વિસ્તારોમાં પણ હાથ ધરવામાં આવશે.

ઉલ્લેખની છે કે, એકાએક તંત્રએ લાલ આંખ કરી ટ્રાફિક ડ્રાઈવ શરૂ કરતા ગેરકાયદે દબાણ કરતા લારી-ગલ્લા તેમજ દુકાનદારોમાં ફફડાટ સાથે ભાગદોડ મચી જવા પામી હતી. તો બીજી તરફ પોલીસ તંત્ર દ્વાર આડેધડ પાર્ક કરાયેલા વાહનોની હવા કાઢી તેને ડીટેઈન કરવા કવાયત હાથ ધરવાના પગલે વાહન ચાલકોમાં પણ નાસભાગ મચી જવા પામી હતી.

રાયોટીંગના ગુનામાં છેલ્લા એક માસથી પોલીસ ધરપકડથી નાસતા ફરતાં આરોપીઓને ઝડપી પાડતી પેરોલ ફર્લો સ્કોડ ભરૂચ



પોલીસ મહાનિરિક્ષક અભયસિંહ ચુડાસમા સાહેબ વડોદરા રેન્જ, વડોદરા તથા ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા સા. તથા ઇ ન્ચાર્જ પોલીસ અધિક્ષક એલ.એ.ઝાલા સા.નાઓની સુચના તેમજ માર્ગદર્શન મુજબ ભરૂચ જીલ્લામાં નાસતા ફરતા તથા પકડવાના બાકી આરોપીઓ શોધી કાઢવા જણાવેલ જેથી અમો તથા સ્ટાફ સાથે આવા પકડવાના બાકી આરોપીઓનીની શોધી કાઢવા ભરૂચ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન ભરૂચ શહેર 'એ' ડીવી. પો.સ્ટે. ગુરનં.I ૧૨૨/૨૦૧૮ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૪, ૩૨૬, ૩૨૩, ૫૦૪, ૬૭ ૧૩૫ મુજબના ગુનાના કામે પકડવાના બાકી આરોપી (૧) રમેશભાઈ રામનગીના ચૌહાણ ઉ.વ. ૪૩, રહે. સી-૩૪, કામધેનું રો હાઉસ, ભોલાવ, જી.ભરૂચનાની તપાસ કરતા આરોપી ઘરે હાજર મળી આવતા આરોપીને તા.૧૫/૧૧/૧૮ ના કલાક-૧૪:૩૦ વાગે સી.આર.પી.સી. કલમ-૪૧(૧) એ મુજબ અટક કરી ભરૂચ શહેર 'એ' પો.સ્ટે.માં આગળની કાર્યવાહી કરવા સુપ્રત કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ભરૂચ પેરોલ ફર્લો સ્કોડના પો.સ.ઈ. જે.વાય.પઠાણ તથા અ.હે.કો. હરેન્દ્ર બશીલાલ બ.નં. ૮૨૮, અ.હે.કો. ગુલામખાન સરદારખાન બ.નં-૯૩૩, અ.હે.કો કુતબુદ્દીન અમીરૂદ્દીન બ.નં.૧૩૮૫, અ.હે.કો. હરેશ રામકૃષ્ણ બ.નં-૧૪૦૯, અ.હે.કો. મગનભાઈ દોલાભાઈ બ.નં-૧૨૫૩, અ.પો.કો. નિલેષભાઈ નારસિંગભાઈ બ.નં- ૧૮૦૪, લો.પો.કો. વિશાલ રમેશભાઈ બ.નં.૧૧૩૪ તથા વુમન પો.કો. નિતાબેન રમણસિંહ બ.નં- ૦૧૯૮૦ નાઓ દ્વારા ટીમવર્કથી કરવામાં આવેલ છે.